પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૪ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૭, રવિવાર ; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગોવા-પંજાબમાં વિક્રમ મતદાન

**પંજાબમાં ૭૦ અને ગોવામાં ૮૩ ટકા મતદાન : મતદાન કોની તરફ થયું છે તેની લઈને અટકળોનો દોર : પંજાબમાં અપેક્ષા કરતા ઓછા મતદાનથી એએપીની ચિંતામાં વધારો થયો : ગોવામાં ભાજપની કોંગ્રેસ અને એએપી સાથે ટક્કર**





નવી દિલ્હી, તા. ૪

પંજાબ અને ગોવામાં આજે વિધાનસભા ચૂંટણી માટે રેકોર્ડ ઉંચું મતદાન થતા ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. પંજાબમાં ૭૦ ટકાથી વધુ અને ગોવામાં રેકોર્ડ ૮૩ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું છે. ચૂંટણી પંચે આજે આ મુજબની માહિતી આપી હતી. ચૂંટણી પંચે બંને રાજ્યોમાં શાંતિપૂર્ણ રીતે મતદાન કરવા બદલ તમામ લોકોનો આભાર માન્યો છે. ચૂંટણી પંચના કહેવા મુબ ગોવામાં મતદાનનો આંકડો ઉપર જઈ શકે છે. તમામ મતદાન મથકો ઉપર ગોવામાં ૧૦૦ ટકા વેબ કાસ્ટીંગની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ગોવામાં ભાજપની કોંગ્રેસ અને એએપી સાથે મુખ્ય સ્પર્ધા છે. જ્યારે પંજાબમાં ૭૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. પંજાબમાં કોંગ્રેસ, એએપી સાથે ભાજપ-અકાલીદળ ગઠબંધનની મુખ્ય સ્પર્ધા છે. નોર્થ ગોવામાં ૮૪ ટકા અને સાઉથ ગોવામાં ૮૧.૮ ટકા ઉંચુ મતદાન થયું

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબ-ગોવા ચૂંટણી....

| | |
|---|---|
| **પંજાબ વિધાનસભા ચૂંટણી (૧૧૭)** | |
| વિધાનસભા બેઠક | ૧૧૭ |
| બહુમતી માટે જરૂરી બેઠક | ૫૯ |
| મતદાન થયું | ૧૧૭ |
| મતદાનની ટકાવારી | ૭૦ |
| ઉમેદવારોના ભાવિ સીલ | ૧૧૪૫ |
| મતદાન મથકો | ૨૨૬૦૦ |
| **ગોવા વિધાનસભા ચૂંટણી (૪૦)** | |
| વિધાનસભા બેઠક | ૪૦ |
| બહુમતી માટે જરૂરી બેઠક | ૨૧ |
| મતદાન થયું | ૪૦ |
| મતદાનની ટકાવારી | ૮૩ |
| ઉમેદવારોના ભાવિ સીલ | ૨૫૧ |
| મતદાન મથકો | ૧૬૪૨ |

# ચારધામને રેલવે નેટવર્કથી જોડવા ૧૨૦ કરોડની જોગવાઈ

**ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથના શ્રદ્ધાળુઓને રાહત : સર્વેની કામગીરીમાં સમય લાગશે પરંતુ તૈયારી શરૂ : ચાર તીર્થ ધામોને જોડવા માટે કુલ ૩૨૭ કિલોમીટરની રેલવે લાઈન બિછાવવાની જરૂર પડશે**



નવી દિલ્હી,તા. ૪

હાઈવે બાદ હવે રેલવે દ્વારા હિન્દુઓ માટે ચારેય મહત્વપૂર્ણ તીર્થ સ્થળોને રેલવે નેટવર્ક મારફતે જોડી દેવા માટેની તૈયારી શરૂ કરી દીધી છે. હાલમાં જ રજૂ કરવામાં આવેલા બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી ચુકી છે. રેલવે બજેટમાં ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથને રેલવે નેટવર્ક સાથે જોડી દેવા માટે સર્વેની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સર્વે માટે રેલવે દ્વારા ૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરી દેવામાં આવી છે. અલબત્ત માનવામાં આવે છે કે આ કામમાં હજુ સમય લાગી શકે છે. આ અગાઉ મોદી સરકારે માર્ગ પરિવહન મારફતે ચારેય ધામને જોડી દેવા માટેની જાહેરાત કરી હતી. જેના પર કામ શરૂ કરવામાં આવી ચુક્યુ છે. ચૂટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક હજાર કરોડ

● અનુસંધાન પાન-૭ પર

## જાવેદ જાફરી સપા માટે પ્રચાર કરે તેવા સંકેત

લખનૌ,તા. ૪

ઉત્તરપ્રદેશના ચૂંટણી જંગમાં મતદારોને પ્રભાવિત કરવા માટેની સ્પર્ધા વધી ગઈ છે. હવે જાવેદ જાફરીએ સમાજવાદી પાર્ટી માટે પ્રચાર કરવાની તૈયારી કરી લીધી છે. ફિલ્મી કલાકારોને લાવવા માટે રાજકીય પક્ષો પ્રયાસ કરી રહ્યા છે. આ વખતે અભિનેતા જાવેદ જાફરી સમાજવાદી પાર્ટી માટે પ્રચાર કરશે.

# ગઈકાલ સુધી દુશ્મન સપા અને કોંગ્રેસ આજે એકબીજાના મિત્ર

**મેરઠમાં ચૂંટણી રેલીમાં મોદીના સપા, કોંગ્રેસ પર તેજાબી પ્રહારો : મેરઠના લોકોને વિકાસની રાજનીતિના નામે મત આપવા તમામ મતદારોને અપીલ કરી : ખેડૂતોની દુર્દશા, કાયદો-વ્યવસ્થા માટે સપા પર પ્રહાર કર્યા**

મેરઠ, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના મેરઠમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરીને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ મેરઠ રેલીને સંબોધતા કહ્યું હતું કે ગઈકાલ સુધી એકબીજાના દુશ્મન રહેલા સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ આજે એકબીજાને ગળે મળી રહ્યા છે. તકવાદી નીતિ અપનાવવામાં આવી રહી છે. મોદીએ પોતાના ભાષણની શરૂઆત ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામના ઉલ્લેખ સાથે કરી હતી. સમાજવાદી પાર્ટીના પરિવારવાદ અને કોંગ્રેસ-સપા ગઠબંધન ઉપર પણ પ્રહાર કર્યા હતા. ગઠબંધન પર પ્રશ્ન કરતા મોદીએ કહ્યું હતું કે બંને પાર્ટી છેલ્લા કેટલાક સમય પહેલા સુધી એકબીજા ઉપર કાદવ ઉછાળી રહ્યા હતા પરંતુ હવે એકાએક ચીજો બદલાઈ ગઈ છે અને બંને સાથે આવી ગયા છે. મોદીએ પરિવારના



આંતરિક જુથવાદ અને ઉતાર ચઢાવ ઉપર પણ પ્રહાર કર્યા હતા. મોદીએ પિતા-પુત્ર, કાકા-ભત્રીજા, પરિવારવાદને લઈને પણ ટિપ્પણી કરી હતી. મોદીએ રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે થોડાક સમય પહેલા સુધી કોંગ્રેસ પાર્ટી ગામ ગામ જઈને અખિલેશ સરકાર ઉપર આરોપો મુકી રહી હતી પરંતુ હવે આજ કોંગ્રેસ પાર્ટી સપાની

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં હવામાન બદલાયું જામનગર-દ્વારકામાં માવઠું

**શિયાળાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે એકાએક હવામાનમાં ફેરફાર : વરસાદી માહોલ છવાયો : અનેક જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ**

અમદાવાદ, તા.૪

અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે ફરી એકવાર મોસમનો મિજાજ બદલાયો હતો. વાદળછાયું વાતાવરણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં રહ્યું હતું. બીજી બાજુ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ માવઠાના સમાચાર મળ્યા છે. ઘણા વિસ્તારમાં અમી છાંટણા થયા છે. દેવભૂમિ દ્વારકામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. ઠંડા પવનો ફુંકાયા હતા. બપોરના ગાળામાં દ્વારકાના ઘણા ભાગોમાં વરસાદ થયો હતો. જેથી રોડ ભીના થઈ ગયા હતા. માવઠુ પડવાની શક્યતા પ્રબળ બની રહી છે. જામનગર શહેરમાં પણ જિલ્લામાં તાલુકા વિસ્તારમાં માવઠુ પડે તેવા અહેવાલ મળી રહ્યા છે. દેવનગરી દ્વારકામાં સવારથી સ્થિતિ બદલાઈ હતી. માવઠુ પડે તેવી શક્યતા પહેલાથી જ દેખાઈ રહી હતી. કચ્છમાં પણ વરસાદી માવઠાના સમાચાર મળ્યા છે. દરમિયાન, મધ્ય પાકિસ્તાન ઉપર અપર એર સાઈક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ રહી છે. આવતીકાલ માટેની આગાહીમાં જણાવાયું છે કે વાદળછાયું વાતાવરણ યથાવત રીતે રહેશે. અમદાવાદ શહેરમાં આજે લઘુત્તમ તાપમાન ૧૭.૨ અને મહત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી છે. અમરેલીમાં ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં ૧૪.૪, રાજકોટમાં ૧૭.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. મહત્તમ તાપમાનમાં ગઈકાલની સરખામણીમાં ઘટાડો નોંધાયો છે. અત્રે નોંધનિય છે કે ગઈકાલે તીવ્ર ગરમીનો અનુભવ અમદાવાદ શહેરમાં થયો હતો. બપોરના ગાળામાં તાપની સ્થિતિ રહી હતી.

# નાગાલેન્ડમાં પરિસ્થિતિમાં સુધારો જનજીવન પૂર્વવત્

કોહીમા,તા. ૪

નાગાલેન્ડમાં હિંસાગ્રસ્ત પાટનગર કોહીમામાં આજે સ્થિતિ સામાન્ય બની હતી. બજારો ખુલી ગયા હતા. જેથી લોકોને રાહત મળી હતી. શૈક્ષણિક સંસ્થાઓ, બેંકો, બિઝનેસ પેઢીઓ અને દુકાનો ખુલી ગઈ હતી. જોકે અજંપાભરી શાંતિ આજે પણ જોવા મળી રહી હતી. અત્રે નોંધનિય છે કે મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સાથે શહેરી સ્થાનિક સંસ્થાઓમાં હાલમાં ચાલી રહેલી ચૂંટણી સામેના વિરોધમાં દેખાવકારો હિંસા પર ઉતરી આવ્યા હતા. જેના લીધે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. અનેક સરકારી ઈમારતોને આગ ચાંપવામાં આવી હતી. વેપારી પ્રવૃત્તિ સંપૂર્ણપણે ઠપ થઈ હતી. જોકે આજે બજારોમાં ખુલી જતા લોકોએ રાહતનો દમ લીધો હતો.

## ન્યુઝ ટ્રેક

### શશીકલા તામિલનાડુના નવા મુખ્યમંત્રી બનશે



અન્નાડીએમકેના મહામંત્રી શશીકલા નટરાજન નવમી ફેબ્રુઆરીએ મુખ્યમંત્રી પદના શપથ લેશે.

### ભારત-પાકિસ્તાન વચ્ચે અગિયારમી માર્ચ બાદ મંત્રણાઓની આશા



પાકિસ્તાનના આયોજન અને વિકાસ મંત્રી અહેસાન ઈકબાલે ભારત-પાકિસ્તાન વચ્ચે વિધાનસભાની ચૂંટણીઓ બાદ મંત્રણા યોજાવાની આશા વ્યક્ત કરી છે.

### આવકવેરામાંથી જીડીપી માત્ર બે ટકા જ છે



કેન્દ્રના આર્થિક બાબતોના સચિવ હસમુખ અઢિયાએ મીડિયા સાથે વાત કરતા કહ્યુ હતુ કે વ્યક્તિગત આવકવેરામાંથી જીડીપી માત્ર બે ટકા જ આવે છે.

### એસ એન ક્રિશ્ના ભાજપમાં જોડાશે



કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસમાંથી રાજીનામુ આપનાર એસ એન ક્રિશ્ના ભાજપમાં જોડાવાના હોવાનો યદુરપ્પાએ દાવો કર્યો હતો. જો કે કર્ણાટક કોંગ્રેસ અગ્રણીએ ક્રિશ્નાને સમજાવી લેવાના પ્રયાસો ચાલતા હોવાનું પણ જણાવ્યું હતું.

### મણિપુર માટે કોંગ્રેસના ઉમેદવારોની જાહેરાત



મણિપુર વિધાનસભાની ચૂટણી માટે કોંગ્રેસે ૬૦ ઉમેદવારોની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી ઈબી સિંગ થાઉબલ બેઠક પરથી ચૂંટણી લડશે.

### બારામુલ્લામાં બે આતંકી ઠાર

ઉત્તર કાશ્મીરના બારામુલા જિલ્લામાં ભારતીય સેનાના જવાનોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. પોલીસના બે જવાનોને પણ ઈજા થઈ હતી.

### ટ્રમ્પના હુકમ સામે મનાઈહુકમ

સાત મુસ્લિમ દેશોના નાગરિકો ઉપર ટ્રાવેલ પ્રતિબંધના ટ્રમ્પના આદેશના અમલને સીએટલના ફેડરલ જજે અમેરિકાભરમાં અટકાવી દીધો છે. જજે કહ્યું ટ્રમ્પ કાયદાથી ઉપર નથી.


**જોઈએ છે**

કોમ્પ્યુટર ઓપરેટર (લેડીઝ)

સંપર્ક : શરદભાઈ
મો. ૯૯૭૯૮ ૮૩૧૪૭

**'લક્ષ્ય'** MISSION PAY BACK TO THE SOCIETY

ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા ૨૦૧૭માં લેવાનાર વર્ગ - ૧ અને વર્ગ - ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગ

✓ સ્પીપાના નિષ્ણાંત ફેકલ્ટીઝ અને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન
✓ સમૃદ્ધ ગ્રંથાલય - વિનામૂલ્યે પુસ્તકોનું વાંચન
✓ નિયમિત પરીક્ષા

સ્પીપા(દિલ્હી)ની નિષ્ણાંત ફેકલ્ટી તા. ૦૧/૦૨/૨૦૧૭થી અનિવાર્ય કારણોસર આવી શકેલ નથી જેથી તાલીમવર્ગો તા. ૧૫/૦૨/૨૦૧૭થી GPSC વર્ગ - ૧ અને વર્ગ - ૨ની પરીક્ષા લેવાય ત્યાં સુધી ચાલશે.

સમય સાંજના ૬:૦૦ થી ૯:૦૦

ફી રૂ. ૧૦,૦૦૦/-

તાલીમાર્થીઓએ એક જ સમયે માત્ર એકવાર સમગ્ર તાલીમ માટે ભરવાના રહેશે.

"લક્ષ્ય" બીજો માળ, બી-બ્લોક, અટ્રીયા, સરગાસણ ચાર રસ્તા, સરખેજ-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર
મો. ૮૪૦૧૩ ૦૫૪૬૮, ૯૮૨૫૦ ૩૧૩૮૩, ૯૮૨૫૬ ૩૨૮૩૮

સંપૂર્ણ પારિવારીક ગુજરાતી ફિલ્મ




Gandhinagar : Cinemax-7.55 pm • City Pluse-3.45 pm • Inox R Adlaj-7.45 pm • Inox R 21-2.10 pm, 10.10 pm Kalol : Movieplex-12.15 pm, 4.00pm Kadi : Big Cinemas V World-3.30 pm, 6.30 pm .45 pm, 6.15 pm • Cinex Cinema-10.00 am, 1.00 pm, 4.00 pm, 7.00 pm, 10.00 pm

બાળકોમાં રહેલ આંતરિક કલાશક્તિને ઉજાગર કરી પદ્ધતિસરની તાલીમ આપતી એકમાત્ર નવતર કલાસંસ્થાનો નવવિકસિત ગાંધીનગરમાં

શુભારંભ

અભિવ્યક્તિ કલા કેન્દ્ર

● નૃત્ય ● ગાયન ● આર્ટ & ક્રાફ્ટ
● વાદન : હાર્મોનિયમ - તબલા - ગીટાર - વાંસળી

જેમાં આપના બાળકને એમની પસંદગીના કલા વિષયમાં વ્યક્તિગત વિશેષ ધ્યાન આપી પારંગત કરવામાં આવશે.

આવો, બાળકને કલાની અભિવ્યક્તિની તક આપીએ.

ફેબ્રુઆરી - ૨૦૧૭થી રેગ્યુલર બેચ શરૂ થશે.

સરકાર માન્ય પરીક્ષા અપાવવામાં આવશે.

ગાર્ગી ઠક્કર
સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, સી-૩૦૭, ત્રીજો માળ, બ્લેક પેપર રેસ્ટોરન્ટની ઉપર, કૂડાસણ
મો. : ૯૬૨૪૦ ૩૪૩૫૩

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય